જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૨/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૩૪૬/૧૫</u>

## પાસા ના જાપ્તામાંથી નાસી છુટેલ પાસા અટકાયતી ને ઝડપી પાડતી એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયા તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ચાંદખેડા ગામ પાસે રાઘે રેસ્ટોરેન્ટ પાસે આવતા સાથેના પો.કોન્સ. સંજીવકુમાર દશરથભાઇ બ.નં.૯૪૨૭ નાઓને પાકી બાતમી મળેલ. જે આધારે દિપક ઉર્ફે દિપું હરેશભાઇ વાઘડીયા (રાણા-ભીલ) ઉવ.૨૦ રહે, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ વાળો વર્ના હુન્ડાઇ કાર નંબર GJ 01 RA 9976 ની લઇ આવેલ જે પાસાનો ફરારી હોય અને જે અંગે સરદારનગર પો.સ્ટે. માં ગુ.ર.નં.૨૩૯/૧૪ દાખલ થયેલ હોય મજકુરને પાસાના કામે હસ્તગત કરી સરદારનગર પો.સ્ટે. તરફ પાસા કાર્યવાહીની અમલવારી કરાવવા માટે સોંપી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.